## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*દેખાય દિશાઓ ધૂંધળી, હવે જોઉં તો ય શું ?*
*વસૂકેલા છે આ સંબંધો, હવે હોઉં તો ય શું ?*
*અણસમજ બ્હેરાં કને, હવે ગાઉં તોય શું ?*
*રોક્યો છે ખાલી ખોટો ખૂણો હવે હોઉં તોય શું ?*

### હાઈકુ

*તીર્થ સ્થાનોમાં*
*આ અપવિત્ર આત્મા -*
*નાઉં તોય શું?*

*સૂકાયાં મૂળ -*
*નેહ-નાતાનાં, હવે*
*પાઉં તો ય શું?*

### ચિંતન

*સુપ્તઃ અપિ ન સુષુપ્તૌ ચ સ્વપ્ને અપિ શયિતો ન ચ ।*
*જાગરે અપિ ન જાગર્તિ ધીરઃ તૃપ્તઃ પદે પદે ॥*

ઉપરોક્ત શ્લોક અષ્ટાવક્રગીતામાંથી લેવામાં આવેલ છે.

સુષુપ્તિમાં હોવા છતાં જે ગાઢ નિંદ્રામાં નથી, સ્વપ્નમાં હોવા છતાં જે સૂતેલો નથી, જાગૃતિમાં હોવા છતાં જે જાગેલો નથી, એવો ધીર પુરુષ પદે પદે, ક્ષણે ક્ષણે, તૃપ્ત જ છે.

સામાન્યતઃ માણસ જાગ્રત-સ્વપ્ન-સુષુપ્તિની ત્રણેય અવસ્થાઓ સાથે એકરૂપ થઈ જાય છે ને પરિણામે સુખ-દુઃખ અનુભવે છે. જ્ઞાની આત્મસ્થ થયો હોવાથી એ આ ત્રણ અવસ્થાનો પણ માત્ર સાક્ષી જ બની રહે છે. તેથી જ કહે છે કે એ જાગૃત અવસ્થામાં સામાન્ય જાગતા માણસ જેવો જાગતો નથી હોતો, અર્થાત્ સંસારના સંબંધોમાં સ્વ ને સાંકળતો નથી. સ્થૂળ રીતે તો એ પણ જાગતો હોય છે અને જરૂરી વ્યવહારો પણ કરે છે, પણ આંતરિક રીતે અલિપ્ત જ રહે છે. ઉંઘતી વખતે સ્થૂળ રીતે તો એ પણ ઊંઘી જાય છે, પણ સ્વપ્ન આવે તો તેમાં પણ તે ઓતપ્રોત થતો નથી. આમ જ્ઞાની ઘસઘસાટ ઉંઘતો હોવા છતાં બેભાન જેવો થઈ જતો નથી, પણ એનો આંતરિક હોશ જળવાઈ રહે છે.

### સુવિચાર

- ગરીબને મદદ કરવાનો ઉત્તમ રસ્તો એ છે કે આપણે ગરીબ ન રહેવું - **હેન્કોક**
- કામ શાપ નથી, પણ વેઠ શાપ છે - **હેન્રી બિચર**
- માણસને સંગાથ જોઈએ છે, પછી ભલે ને એ એક સળગતી મીણબત્તી હોય - **અખંડ આનંદ**
- હું છું, હું ચાહું છું, હું સક્રિય છું, હું સંકલ્પસિદ્ધા - **શ્રી અરવિંદ**
- કાર્ય પતી જાય પછી જુવાન કંટાળે છે, અને કાર્યના આરંભે વૃદ્ધ - **એલિયટ**
- તમે સુખમાં માનો નહીં તો સુખ કદી આવે જ નહીં - **ઓશો**
- આજનું ઔષધ : એલચી ને બાળી ૨ ગ્રામ રાખ માણખ અને ખડી સાકર સાથે સવાર-સાંજ ચાટવાથી સૂકી ખાંસીમાં રાહત થાય છે

**(સંકલન : દિપક વી. આશરા)**

### બોધકથા

૧૯૨૩ની વાત. એ વરસે કોંગ્રેસનું વાર્ષિક અધિવેશન કાકીનાડામાં યોજાયું હતું. આ અધિવેશનમાં સંગીતજ્ઞ પંડિત વિષ્ણુ દિગંબર પલુસ્કર પોતાના વાદ્યવૃંદ સાથે 'વંદે માતરમ્' ગાવાના હતા.

અધિવેશનના અધ્યક્ષ મૌલાના મોહમ્મદ અલીએ સ્વાગત પ્રવચન કરનાર વેંકટપ્પાને અગાઉથી કહી રાખ્યું હતું, કે અધિવેશનમાં સ્વાગત ગીત કે 'વંદે માતરમ્' ગાતી વખતે કોઈ સંગીત વાદ્ય વગાડવામાં ન આવે.

જયારે પલુસ્કર એમના વાદ્યવૃંદ સાથે મંચ પર પહોંચ્યા તો મૌલાના અલીએ કહ્યું, 'પલુસ્કરજી, આજે તમે વાદ્ય વગર જ 'વંદે માતરમ્' ગાઓ. વાદ્યની જરૂર નથી.'

પલુસ્કરજીએ તીક્ષ્ણ અને સવર્ગ નેત્રે મૌલાના અલી સામે જોયું અને બોલ્યાં, 'આ કોઈ મસ્જિદ નથી, આ ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ છે. વાદ્ય વૃંદ સાથે જ હું રાષ્ટ્ર ગીત ગાઈશ.'

રાષ્ટ્ર ગીત પુરું થતાં જ હજારો શ્રોતાઓ તથા મંચ પર બિરાજમાન રાજનેતાઓએ પંડિતજીએ તાળીઓના ગડગડાટથી વધાવી લીધા.

# ખરાખરીનો ખેલ : રાહુલ બાંયો ચડાવે છે


**તંત્રીસ્થાનેથી...**

રાહુલ ગાંધીએ અમદાવાદમાં સંવાદસભા કર્યા પછી વિદેશની બર્કલી યુનિવર્સિટીમાં વિદ્યાર્થીઓને સંબોધતાં જે પેટ છૂટી રજૂઆતો કરી તે એમની નિખાલસતાની સૂચક હતી. એમણે કદાચ પહેલી જ વાર સ્વીકાર્યું કે પોતે મોટી જવાબદારી લેવા તૈયાર છે. 'મોટી જવાબદારી'નો અર્થ દેશ અને દુનિયા બરાબર સમજે છે. કયારેક પ્રણવ મુખરજીએ પણ રાષ્ટ્રપતિ બન્યા પૂર્વે કબૂલ્યું હતું કે રાહુલ ગાંધી વડાપ્રધાન તરીકેની જવાબદારી નિભાવવા પૂરતા સક્ષમ છે. પોતે વડાપ્રધાન પદની હરિફાઈમાં નહીં હોવાનું કારણ આપતાં એમણે કહ્યું હતું કે મને હિંદી આવડતી નથી અને આવડા મોટા દેશ પર શાસન કરવા માટે દેશની જનભાષામાં કોમ્યુનિકેશન કરતાં આવડવું અનિવાર્ય ગણાય. એમ તો પૂર્વ વડાપ્રધાન ડૉ. મનમોહનસિંહનું હિંદી જ્ઞાન પર મર્યાદિત જ હતું. એ દષ્ટિએ વર્તમાન વડાપ્રધાન જરૂર ચડિયાતા સાબિત થયા છે કારણ કે કેટલાક ગુજરાતી ટોન અને વ્યાકરણ દોષોને બાદ કરતાં એમનું હિંદી લોકભોગ્ય જ નહીં બલકે ક્રાઉડ પુલર નીવડ્યું છે. જો કે સૌથી શ્રેષ્ઠ હિંદી તો પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીનું હતું. એમણે હિંદીમાં ભાષણ આપીને યુનોની સભાને સંબોધી હતી. આ એક માઈલ સ્ટોન ગણાય એવું ઐતિહાસિક કદમ હતું. વિશ્વની સૌથી વધુ બોલતી અને સમજાતી ભાષા તરીકેનું ગૌરવ ધરાવતી ભાષાઓમાં અગ્રતાક્રમે બિરાજતી હિંદીને આપણે ઘર આંગણે કેવી માઠી દશામાં મૂકી રહ્યા છીએ તે કહેવાની જરૂર ખરી? રાજકારણીઓ પ્રજાને બહેલાવવા અને બહેકાવવા તો હિંદીનો ઉપયોગ કરી લે છે, પરંતુ રાજ્યવહીવટ ચલાવતા બાબુઓ પર એ મુદ્દે કોઈ જ પ્રભાવ પાડી શકતા નથી. આપણે ન્યાયતંત્રને ઈશ્વરના મંદિર જેટલું પવિત્ર માનીને છીએ પરંતુ હાઈકોર્ટ કે સુપ્રીમ કોર્ટ જેવા ન્યાય મંદિરોમાં હિંદી ચાલતી નથી! અદલ આ જ સ્થિતિ જરા સંદર્ભ ફેરે કોંગ્રેસની નેતાગીરીમાં પ્રવર્તે છે. કોંગ્રેસમાં કોઈ ડાઉન ટુ અર્થ - મોદીનીજેમ ભોંય ફાડીને વાંસના અંકુરની માફક પ્રગટ થયેલો નેતા વડાપ્રધાનપદની સ્પર્ધામાં આવી શક્યો નહીં. જે કોઈ સક્ષમ નેતાઓ એ પદને લાયક હતા એમણે પણ નહેરુ-ગાંધી પરિવારની ગુડ બુકમાં રહેવામાં જ સલામતી નિહાળી. એમણે વફાદાર સેવકની જ ભૂમિકામાં રહી પોતાના રાજકીય યોગક્ષેત્રની રખેવાળી કરી. આવા સક્ષમ નેતાઓમાં ઉત્તરપ્રદેશ અને બિહારના હિંદી બેલ્ટ સાથે મધ્યપ્રદેશના અર્જુનસિંહ જેવા નેતાઓ પણ જોડાતા હતા. મહારાષ્ટ્રના મરાઠા નેતાને એવી ગુલામગીરી ન ફાવી એટલે એમણે જુદો ચોકો માંડ્યો અને કાળક્રમે હિંદી બેલ્ટ પણ કોંગ્રેસની મુઠ્ઠીમાંથી સરકી ગયો. હવે જયારે આખા દેશમાં કોંગ્રેસનો સફાયો થઈ ચૂક્યો છે ત્યારે એ જ નહેરુ ગાંધી પરિવારના રાજકીય વારસદાર કેસરિયાં કરવા તૈયાર છે તેઓ પ્રજા કેવો અને કેટલો પ્રતિસાદ પાઠવશે એ સમયનો સવાલ છે. પોતાને મોદી જેવું ભાષણ કરતાં નથી આવડતું એવી નિખાલસ કબૂલાત સાથે દેશમાં અત્ર તત્ર સર્વત્ર પરિવારવાદ જ ચાલે છે, એવું નિવેદન કરી આ યુવા નેતાએ પરિવારવાદની તરફેણ કરી છે, તે પ્રજા માન્ય ઠેરવશે ખરી ? આ પ્રશ્ન પણ વિચારવા જેવો છે. ૨૦૧૯ની ચૂંટણીનો લિટમસ ટેસ્ટ આગામી મહિનાઓ દરમિયાન યોજાનારી ગુજરાતની ચૂંટણી છે. જો મોદી પાસેથી ગુજરાત સેરવી લેવામાં સફળ થશે તો કોંગ્રેસ માટે દિલ્હી પાછું મેળવવાનું મુશ્કેલ નહીં રહે.

# સરદાર સરોવર બંધના રાષ્ટ્રાર્પણ સમયે કેટલાંક સ્મરણો

**પ્રસંગસર**

મહેન્દ્ર પુરોહિત



સરદાર સરોવર બંધનું રાષ્ટ્રાર્પણ થઈ રહ્યું છે ત્યારે બંધ અંગેની કેટલીક પાયાની વાતો વાગોળી લેવાનું પ્રસંગોચિત રહેશે.

ભારતને સ્વાતંત્ર્ય મળવાનું નિશ્ચિત થયું તે અરસામાં સ્વ. ભાઈલાલભાઈ પટેલ અને સ્વ. સરદાર સાહેબે ગુજરાતની સૌથી મોટી નર્મદા નદી પર ગુજરાતના લાભાર્થે બંધયોજનાની કલ્પના કરી હતી. વર્ષ ૧૯૪૭ પછી ભાઈકાકા વિદ્યાનગરના નિર્માણમાં અને સરદાર સાહેબ ભારતની મોટી સમસ્યાઓના ઉકેલમાં વ્યક્ત રહ્યા. પ્રારંભના મુંબઈ રાજયના હિસ્સા તરીકે ગુજરાતનું વજન પ્રમાણમાં ઓછું રહ્યું એટલે શરુઆતની વિકાસ યોજનાઓમાં તાપીના કાકરાપાર આડબંધ અને મહીના વણાકબોરી આડબંધથી સંતોષ માનવો પડ્યો. મહારાષ્ટ્રમાં કોયના વગેરે મોટી યોજનાઓ પહેલી પંચવર્ષીય યોજનામાં સમાવાઈ. વર્ષ ૧૯૫૬માં બીજી પંચવર્ષીય યોજનામાં તાપીની ઉકાઈ યોજનાનો સમાવેશ થયો પણ તાપીના પાણીની સંબંધિત રાજયો વચ્ચેની વહેંચણીનો નિર્ણય થતાં સુધી તે આયોજનના તબક્કે જ રહી.

વર્ષ ૧૯૬૦માં ગુજરાત રાજયના નિર્માણ પછી નર્મદા નદી ઉપર બંધ યોજના માટેની માત્ર પ્રબળ બની ત્યારે ગુજરાતને ઠંડું પાડવા માટે ૧૯૬૧થી શરૂ થતી ત્રીજી પંચવર્ષીય યોજનામાં ભરૂચ સિંચાઈ યોજના તરીકે એક નાની ૧૬૧ ફુટ જળસપાટીના બંધની યોજના સમાવાઈ અને 'ગોરા' ગામ પાસે પંડિત નહેરુજીએ તેનું ખાતમુર્હૂત કર્યું.

આ સમયે ગુજરાતના અત્યંત કુશળ ઈજનેર (સ્વ.) ડૉ. સી.સી. પટેલ નર્મદા સિંચાઈ વર્તુળના અધીક્ષક ઈજનેર હતા. નર્મદા જેવી મોટી નદી પરનો અંતિમ હેઠવાસનો બંધ આટલો નીચો હોય અને નદીનું અઢળક પાણી ચોમાસામાં દરિયામાં વહીં જાય તે તેમનું રુચ્યું નહિ. ભૂપૃષ્ઠીય નકશાઓનો ઊંડો અભ્યાસ કરી તથાના ઘણા દાયકાઓના જળપ્રવાહની વિગતોને ધ્યાનમાં લઈ તેમણે ગણતરી કરી કે ૫૦૦ ફુટથી પણ વધુ ઊંચાઈની જળસપાટીનો બંધ શક્ય છે. તેમણે ગુજરાતના મુખ્યમંત્રી ડૉ. જીવરાજ મહેતા તથા અન્ય મંત્રીઓ અને ઉચ્ચ અધિકારીઓને આ બાબતની ખાતરી કરાવી અને પછી ગુજરાતે ૫૩૦ ફુટની જળસપાટી વાળા મોટા બંધની માગણી કરી.

મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રએ આ માગણીનો વિરોધ કર્યો અને કોઈ સમાધાન ન નીકળતાં કેન્દ્ર સરકારે બધાં રાજયોની રજૂઆત સાંભળી યોગ્ય ભલામણ કરવા માટે ૧૯૬૪માં ખોસલા સમિતિની નિમણૂક કરી. આ સમિતિ સમક્ષ પણ સ્વ. ડૉ.સી.સી. પટેલના નેતૃત્વમાં ગુજરાતના ઈજનેરોએ એવી નક્કર રજૂઆત કરી કે બીજા રાજયોના વિરોધનો અસ્વીકાર કરીને સમિતિએ ૫૦૦ ફુટની જળસપાટીના બંધની ભલામણ કરી. ગુજરાતે આનો સ્વીકાર કર્યો પરંતુ મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રએ આ ભલામણ સ્વીકારી નહી.

સંબંધિત રાજયો વચ્ચેના વિવાદના નિરાકરણ માટે કેન્દ્ર સરકારે વર્ષ ૧૯૬૯માં નર્મદા જળવિવાદ ટ્રિબ્યુનલની રચના કરી. ટ્રિબ્યુનલે સંબંધિત રાજયો વચ્ચે નર્મદાના ઉપલબ્ધ જળની વપરાશની વહેંચણી કરવાની હતી અને બંધ અંગેનો ચુકાદો આપવાનો હતો.

ટ્રિબ્યુનલ સમક્ષ પણ ગુજરાતના વકીલોએ, ઈજનેરોની સચોટ રજૂઆતને આધારે, ધારદાર દલીલો કરી. આ સચોટ રજૂઆતોનું શ્રેય પણ મહદંશે સ્વ. ડૉ. સી.સી. પટેલને જાય છે. ટ્રિબ્યુનલમાં કેસ ચાલી રહ્યો હતો તે વર્ષો દરમિયાન જ વર્ષ ૧૯૭૩માં ડૉ. સી.સી. પટેલની કેન્દ્ર સરકારમાં સચિવ તરીકે નિમણૂક થઈ. ત્યાંથી પણ તેમનું પરોક્ષ માર્ગદર્શન મળતું રહ્યું. ગુજરાતમાં સ્વ. પી.પી. એ. રાજ સાહેબ મોરચો સંભાળ્યો.

છેવટે વર્ષ ૧૯૭૮માં, સ્વ. મોરારજીભાઈ દેસાઈ જયારે પ્રધાનમંત્રી હતા ત્યારે ટ્રિબ્યુનલનો ચુકાદો આવ્યો અને તે પ્રમાણે ૪૫૫ ફુટની જળસપાટી વાળો સરદાર સરોવર બંધ મંજૂર થયો.

આટલા ઊંચા બંધ માટે, પંડિત નહેરુએ ખાતમુર્હૂત કરેલું તે સ્થળ, યોગ્ય નહોતું તેથી,

અનુસંધાન પાના નં. ૫ પર

# પરિષદની ચૂંટણી, સાહિત્ય અને રાજનીતિ : સર્જકનો ધર્મ

**મોરપીંછના રંગ**

ડૉ. કનૈયાલાલ ભટ્ટ

સાહિત્યમાં હવે રાજનીતિ એકદમ સક્રિય રીતે પ્રવેશી ગઈ છે કારણ સૌ કોઈ એવું માને છે કે સાહિત્યમાં પ્રવેશવાથી અથવા સાહિત્યની મોટી સંસ્થાઓમાં પ્રવેશવાથી રાતોરાત પ્રસિદ્ધ થઈ શકાય છે. હાલ સાહિત્ય પરિષદની મધ્યસ્થ અને પ્રમુખપદ માટેની ચૂંટણીઓ જાહેર થઈ છે. જેમાં સૌ કોઈ રસ દાખવી રહ્યું છે. અગાઉ આ ચૂંટણીઓ ક્યારે થતી કે એમાં કોણ કોણ ચૂંટાતું કે સર્વસંમતિથી બધું થતું કે એ બહું ઓછા લોકો જાણતા હતા. પરંતુ હવે આ ચૂંટણીમાં ભારે રસાકસી જામે છે. છેલ્લા થોડા વર્ષોથી સાહિત્યજગતમાં આ ચૂંટણીઓની ચર્ચાએ જોર પકડ્યું છે. પરિણામે આ ચૂંટણીના ચકાવામાં સારા, સાચા, નિષ્ઠાવાન, પ્રામાણિક, લોકપ્રિય, પારદર્શી અને પ્રબુદ્ધ સાહિત્યકારો પણ પોતાને વાંચકો તરફથી મળેલા આવા બધા વિશેષણો ત્યાગીને ચૂંટણીની ગતિવિધિ પર નજર રાખીને પોતાની મૂળ પ્રકૃતિને પ્રજ્વલિત કરી રહ્યા છે. આમ જોઈએ તો સાહિત્ય અને રાજનીતિ, સર્જક અને ચૂંટણી, આવા શબ્દો પણ એકબીજા સાથે શોભતા નથી. એકબીજાના વિરુદ્ધાર્થી શબ્દ હોય એવું લાગે છે.

હવેના સમયને કારણે આ સાહિત્યની ચૂંટણી પણ રાજનીતિની જેમ ખેલાય છે. જો કે રાજકારણમાં તો એક રીતે સારું કે એમાં ખબર તો પડે કે આ ભાજપમાં છે કે કોંગ્રેસમાં કે અપક્ષ. જ્યારે સાહિત્યમાં આ કળવું સાવ અશક્ય છે. સવારે આપણને કહ્યું હોય કે હું તમારી સાથે જ છું. અને સાંજે વિપક્ષના ઘેર ચા પીતા હોય. આમાં કોણ કોની સાથે છે એ કળવું લગભગ અશક્ય છે. વળી રાજકારણીઓ તો ચૂંટણી પછી બધુ ભૂલીને એકબીજાની સાથે હરતા ફરતા હોય છે એકબીજાના કામ કરતા હોય છે જ્યારે સાહિત્યમાં તો જો એક વાર છાપ પડી ગઈ કે આ કવિ ફલાણા જૂથનો છે તો બીજા કોઈ જૂથવાળા એને ક્યાંય બોલાવે નહીં, પારિતોષિકો આપે નહીં, નામની ભલામણ કરે નહીં અને કાયમીધોરણે ધ્યાનમાં રાખે એ જૂદું. અને આ વખતની પ્રમુખપદ માટેની ચૂંટણીમાં પણ આવું જ થવાનું. સાહિત્યમાં આર્થિકસમૃદ્ધિનો એજન્ડા નથી હોતો પ્રસિદ્ધિનો એજન્ડા હોય છે. જે જૂથવાદ મુજબ ચાલતો હોય છે. ચૂંટણી જ્યારે એક પદથી વધારે પદ માટે યોજાય ત્યારે બહું વાંધો નથી આવતો. તેમાં સૌ એકબીજાને સાથ – સહકાર આપીને ચૂંટણી લડે છે. મધ્યસ્થ સમિતિની ચૂંટણીમાં ૪૦ સભ્યોને ચૂંટવાના છે તો તેમાં ૫૦/૬૦ કે ગમે તેટલા ઊભા રહે કોઈને વાંધો હોતો નથી. કેમ કે દરેક મતદારોએ ૪૦ મત આપવાના હોય છે. પણ સૌથી મોટું જોખમ કે સૌથી મોટી રાજનીતિ "પ્રમુખપદ" ની ચૂંટણીમાં હોય છે. કેમ કે તેમાં માત્ર એક જ "પદ" હોય છે. આ પદ સરકાર દ્વારા નિયુક્ત હોય કે ચૂંટણી દ્વારા મળે... બન્ને પ્રકારમાં ખુબ જ મોટી રાજનીતિ ખેલવી પડે છે. ખુબ જ સંપર્કો, સત્તા અને અન્ય શક્તિઓ સાથે હોવી જરૂરી છે. જો કે એક હકિકત છે કે સરકાર નિયુક્તિમાં મેરિટને બદલે માત્ર રાજનીતિક લાભો, સંબંધ અને દાવપેચ કામ કરે છે જ્યારે ચૂંટણી દ્વારા નિયુક્તિમાં સર્જકકર્મ કામ કરે છે. મતદારો તો સર્જકકર્મ જ ધ્યાન પર લેતા હોય છે. સાહિત્યમાં કેટલું પ્રદાન છે તે જોવાય છે. પછી બધાની સાથે કેવા સંબંધ છે કેવો વ્યવહાર છે એ જોવાય છે. અગાઉ જે સંસ્થાને આપણે વગોવી હોય, જાહેરમાં ખુબ જ ટીકા કરી હોય, એની કામગીરી સામે, સિસ્ટમ સામે અનેક પ્રશ્નો ઊભા કર્યા હોય અને પછી એ જ સંસ્થાના ઉચ્ચ પદ પર બેસવા એ જ સંસ્થાના મતદારો પાસે કે હોદેદારો પાસે વિનંતી કરવી પડે, અથવા જે સંસ્થા તરફ કદી આંખ ઉઠાવીને જોયું પણ ના હોય, તેની કોઈ પ્રવૃતિમાં ક્યારેય સહભાગી ના થયા હોય અને પછી એ જ સંસ્થાના સર્વોચ્ચ પદ પર બેસવા તલપાપડ થવું એ પણ સૌ કોઈને આત્મસંશોધનનો વિષય છે. આ એક પદ માટેની ચૂંટણીમાં સૌથી મોટો પ્રશ્ન જે તે ઉમેદવારોના ટેકેદારોનો રહેવાનો છે. કેમ કે રાજકારણમાં તો ચૂંટણી પછી બન્ને પક્ષો એકબીજાની ઓફિસમાં સાથે જમે છે પરંતુ સાહિત્યકારણમાં એટલી મોટાઈ કોઈનામાં નથી. એક વખત એક જૂથની છાપ પડી ગઈ કે લેબલ લાગી ગયું એટલે પત્યું. બીજા જૂથવાળા કદી પણ તમને સ્વીકારીને, સાથે રાખીને નહીં ચાલે. આવું સ્થાનિક કક્ષાની ચૂંટણીઓમાં સાહિત્યકારણમાં બની રહ્યું છે. સૌને ગાંધીજીના "સત્યના પ્રયોગો" વાંચવા ગમે છે પણ પોતાના સંદર્ભે કહેવાતું સત્ય કોઈને ગમતું નથી અને ઉપરથી ખાલી ખાલી ઢોલ વાગ્યા કરે છે.

મને એ સમજાતું નથી કે સાહિત્યના આ એક પદ માટેની ચૂંટણીમાં આટલોબધો રસ બધાને કેમ છે ? આ એક પદ અગાઉની જેમ સર્વસંમતિથી કેમ ના નક્કી થઈ શકે ? એ માટે આટલા બધા કાવાદાવા, પ્રચાર પ્રસાર, દાવ-પેચ, ઉથલ પાથલ, ખેંચાખેંચી શા માટે ? આ પદ સરકાર દ્વારા નિયુક્ત તો છે નહીં કે જેમાં મોટો પગાર, કાર, ભથ્થા, બિલો, ગ્રાંટ કે મોટી ચેમ્બર, સ્ટાફ મળે. અહીં તો ઘરના રૂપિયા નાખીને સાહિત્યની સેવા કરવાની છે. ખરેખર તો આ ચૂંટણી "વ્યક્તિલક્ષી" ના હોવી જોઈએ પણ "કલમલક્ષી" હોવી જોઈએ. ( કમલલક્ષી નહી ) પણ આજે વ્યક્તિલક્ષી બની રહે છે. એના મૂળમાં છે સૌની જુદી જુદી વિચારધારા. એક પક્ષ માને છે કે આ સત્ય અને બીજો પક્ષ માને છે કે આ સત્ય. બન્ને પક્ષો પોતાની વાતને સત્ય માનીને ચાલે છે. તેથી એક પદની ચૂંટણીઓમાં નીતિ કે વિચારધારા બહું કામમાં આવતા નથી. હા, રાજકારણની જેમ સૌ નીતિ અને વિચારધારાની વાતો કરશે. આવી ચૂંટણીઓમાં ઘણીવાર ઉમેદવારનું સર્જક, વિવેચક, કવિ, સંશોધક કે સંપાદક તરીકેનું નામ ભાગ ભજવતું હોય છે મતદારો એ પણ જોતા હોય છે કે કોણ મોટો કવિ છે કે સંશોધક છે કે સંપાદક છે. પછી એમાં જાતિ કે સર્જકકર્મ જોવાતું નથી. જો કે ઘણી વખત ખુબ પ્રસિદ્ધ હોય પણ અગાઉના વર્ષોમાં બધા સાથે સારા સંબંધ, સારો વ્યવહાર ન રાખ્યો હોય તો આવે વખતે એ બધુ નડતું હોય છે. પરંતુ સૌએ એક વાતનું ધ્યાન રાખવું ઘટે કે આ ચૂંટણી રાજકીય લાભો ખાટવા નથી થતી અહીં તો સાહિત્યિક કાર્યો માટે ભોગ આપવાનો હોય છે. બધાને સાથે રાખીને, બધાના વિચારોને આવકારીને નિર્ણયો કરવાના હોય છે. કોઈ એક જૂથનું આધિપત્ય ના આવી જાય એવા પ્રયત્નો કરવાના હોય છે. આપણી વરિષ્ઠ પેઢીને યોગ્ય માન સન્માન આપીને નવી પેઢીને પ્રોત્સાહિત પણ કરવાની હોય છે. પરિષદના અધિવેશનોમાં ને જ્ઞાનસત્રોમાં વર્ષોથી અમુક લોકોના જ વક્તવ્યો હોય છે. એના બદલે અનેક બીજા નવા મહેનતું સર્જકો, વિવેચકોને તક આપવાની હોય છે. એવી જ રીતે સંપાદનો, પરબમાં કૃતિની થતી પસંદગી આ બધી બાબતોમાં સર્વસર્જકધર્મ બજાવવામાં હિંમત દાખવવાની હોય છે. કેમ કે નહિતર આવી ચૂંટણીઓમાં જાહેરમાં ટેકો આપનાર ઘણી વખત પ્રમુખને બાન લઈ લેતા હોય છે અને પોતાનું કે પોતાના એક જૂથનું જ કામ થાય એમ ઈચ્છતા હોય છે. કેમ કે પરિષદનું આ પદ કોઈ એક જૂથના આધિપત્યનું કે એક વિચારધારાનું નથી. અહી તો સંસ્થાનો વિકાસ કરવાનો, કાર્યક્રમો દ્વારા સતત પ્રવૃત રાખવાનો કર્મયજ્ઞ છે.

કોઈપણ ભાષાના સાહિત્યમાં જ્યારે રાજકારણ પ્રવેશે છે ત્યારે ભાષાની મૂલ્યનિષ્ઠતા અને સાહિત્યના સ્તર સંદર્ભે અનેક પ્રશ્નાર્થો સર્જાય છે. સરકાર નિયુક્ત પદને કારણે છેલ્લા બે અઢી વર્ષથી ગુજરાતી સાહિત્યમાં રાજકારણ મોટે પાયે પ્રવેશી ચૂક્યું છે અને અત્યારે હાઈકોર્ટને

અનુસંધાન પાના નં. ૫ પર

# સે હેલો ટુ ધ ફ્યુચર - ફ્રોમ પાસ્ટ...!

**રઝળપાટ**

અજય ઉપાધ્યાય

ટેનિસમાં ફેડરર વિરુદ્ધ નદાલ કે ક્રિકેટમાં ભારત વિરુદ્ધ પાકિસ્તાનના જંગ જેવો જ દિલચસ્પ મુકાબલો છે મોબાઈલ માર્કેટમાં એપલ વિરુદ્ધ સેમસંગનો...!!! બન્ને મોબાઈલ અગ્રાણી કંપની દ્વારા રજુ થતા નવા મોબાઈલ મોડેલ્સની સાથે સાથે દિવસે ને દિવસે આ જંગ વધુ રોચક થતો જાય છે. ફરી એક વાર આ બંને મોબાઈલ ઉત્પાદકો દ્વારા રજુ થયેલા લેટેસ્ટ મોડેલ પછી આ જંગ ખૂંખાર બની ગયો છે. લોલ્ઝ્ઝ્ઝ વીરરસમાં વાત એટલા માટે કરવી પડે છે કે ખાલી કંપની જ નહિ પણ આ બંનેના ચાહકો વચ્ચે પણ દરેક નવા મોડેલ સાથે આ જંગ વધુ ઉગ્ર બનતો જાય છે. આ જંગ ફરી યાદ આવવાનું કારણ છે બન્ને કંપની દ્વારા રજુ થયેલા લેટેસ્ટ સ્માર્ટફોન. મંગળવારે એપલે એનો અત્યાર સુધીનો સૌથી બેસ્ટ અને લેટેસ્ટ ગણાવેલો સ્માર્ટફોન આઈફોન -એક્સ રજુ કર્યો છે અને એના થોડા જ દિવસો પહેલા સેમસંગે પોતાનો નોટ ૮ રજુ કર્યો છે, હવે જોવાની મજા એ છે કે મોબાઈલ માર્કેટમાં આ બંને મોડેલ્સ સફળતાના કેટલા પગથીયા ચડી શકે છે...!

સૌથી પહેલા એ વાત સમજી લો કે મોબાઈલ એ ફિલ્મની જેમ જ ટોટલી પર્સનલ ચોઈસની વસ્તુ કહી શકાય અને એમાયે ખાસ તો ખિસ્સાને પરવડે છે કે નહિ એ જોવું વ્યક્તિ વ્યક્તિએ અલગ અલગ હોય શકે છે એવામાં ઓલમોસ્ટ એક લાખ રૂપિયાની કીમતે મળનારો આઈફોન-એક્સ કેટલો સફળ થશે એ જોવા અને જાણવા માટે મારા જેવા મોબાઈલ રસિયાથી માંડીને જગતભરના હજારો મોબાઈલપ્રેમીઓ આતુર છે જ. આ લખનારે જયારે ૨૦૧૩મા આ કોલમની શરૂઆત કરેલી ત્યારે પહેલો જ લેખ એ વખતે આવેલી એપલની ઓપરેટીંગ સીસ્ટમ આઈઓએસ ૭ પર લખેલો અને ટાઈટલ હતું ' આઈઓએસ ૭; એપલ નો એન્ડ્રોઈડિયો અવતાર ' લેખમાં કહેવાયેલું કે એપલ ધીરે ધીરે પોતાની ઓએસ અને મોડેલ્સ દ્વારા મોબાઈલ જગતમાં રાજ કરતી પોપ્યુલર ઓએસ એન્ડ્રોઈડ જેવો બનતો જાય છે. એપલ પ્રેમીઓએ એ વખતે એ લેખ બાબતે બહુ તડાપીટ વરસાવેલી પણ આજે ૪ વર્ષ પછી એ હકીકત છે કે એપલ અને એની ઓએસ (ઓપરેટીંગ સીસ્ટમ) વધુ ને વધુ એન્ડ્રોઈડ જેવી બનતી જાય છે અને લેટેસ્ટ આઈફોન-એક્સ એ વાતનો પુરાવો છે કે ખાલી ઓએસ જ નહિ પણ હવે તો ફોનના ફીચર્સ પણ એન્ડ્રોઈડ ફોનને મળતા આવતા આવવા લાગ્યા છે...!

દરવર્ષે નવા મોડેલ લોન્ચ કરવાના હોય તો મોબાઈલ કંપનીઓ આપી આપીને નવું કેટલુક આપે એ પણ હકીકત છે. મોટાભાગે લેટેસ્ટ લોન્ચિંગ અગાઉના મોડેલના મોડીફાઈડ વર્ઝન જ હોય છે પણ લેટેસ્ટ આઈફોનમા ઓલમોસ્ટ જે નવું છે એવું કહેવાય છે એ બધું જ ઓલરેડી માર્કેટમાં પહેલેથી છે એવું કહેવું અતિશયોક્તિ બિલકુલ નથી જ હા પણ સાથે સાથે એમ કહી શકાય કે એપલના આઈફોન-એક્સ મા આવેલા આ ફીચર્સને પહેલાની સરખામણીએ વધુ બેસ્ટ બનાવાયા છે એવો ટીમભાઈ કુક્ભાઈ નો દાવો છે, હવે આ દાવામાં કેટલો દમ છે એ તો નવેમ્બરમાં ગ્રાહકોના હાથમાં આઈફોન-એક્સ આવે પછી જ ખબર પડશે. એક્સ મા બેઝલ લેસ ડીઝાઈન આપવામાં આવી છે કે જેથી પૂરી સ્ક્રીન આવરી લેવાય પણ આ ટેકનોલોજી પહેલેથી જ સેમસંગના ગેલેક્ષી એસ૬ એજ અને નોટ મા તો શ્યાઓમી અને એલજી ના મોડેલ્સમા છે જ. આઈફોન-એક્સ મા આવેલું અને ક્રાંતિકારી ગણાવાતું ફેસઆઈડી ફીચર પણ સેમસંગના એસ૮ અને નોટમાં છે જ. એપલે પહેલી વાર ઓએલઈડી સ્ક્રીન પોતાના નવા મોડેલ માટે યુઝ કરી છે જે અગાઉથી જ બીજા મોબાઈલમા ઉપલબ્ધ છે. એ જ રીતે વાયરલેસ ચાજર્લગ, ૪કે વિડીયો અને વોટરપ્રુફીંગ પણ સેમસંગ, એલજી અને એચપી ના મોડેલ્સમા હાજરાહજૂર છે. મતલબ કે આઈફોન-એક્સ ની જે ટેગ લાઈન છે કે 'સે હેલો ટુ ધ ફ્યુચર' એ ખરેખર તો આમ હોવી જોઈએ 'સે હેલો ટુ ધ ફ્યુચર – ફ્રોમ પાસ્ટ'...!

જો બધું જ અગાઉથી હોય તો હવે પ્રશ્ન એ થાય કે આઈફોન પાછળ આટલા ગાંડપણનું કારણ શું? અથવા તો શુદ્ધ ભાષામાં કહીએ તો બીજા એન્ડ્રોઈડ ફોનથી આઈફોન કઈ રીતે અલગ પડે છે? આ ચર્ચા થોડી જોખમી છે એટલા માટે કે આમાં પણ પોલીટીકલ પાર્ટીની જેમ લોયલ ફોલોવર હોય છે પણ એક હકીકત છે કે આઈફોન બીજા એન્ડ્રોઈડ ફોનની સરખામણીમાં વધુ ડ્યુરેબલ હોય છે અને આ વાત આ લખનાર સતત ૮ વર્ષો સુધી દર વર્ષે નવો સેમસંગ વાપર્યા પછી અને છેલ્લા ૨ થી વધુ વર્ષોના સંતોષકારક આઈફોન વપરાશ પછી પુરા હોશોહવાસમા લખી રહ્યો છે. જી હા, એન્ડ્રોઈડવાસીઓને કડવું લાગશે પણ સત્ય છે કે મોસ્ટ ઓફ એન્ડ્રોઈડ ફોન એની એક્સપાયરી ડેટ સાથે જ બજારમાં આવે છે અને એ ડેટ તમારા વપરાશ મુજબ એક વર્ષ કે એથી વધુ હોય છે જ્યારે આઈફોન કોઈ જ રુકાવટ વગર નોનસ્ટોપ ઓછામાં ઓછા ૩ વર્ષ ફર્સ્ટક્લાસ ચાલે છે એ હકીકત છે અને કોઈ પણ આઈફોન વપરાશકર્તાને પૂછશો તો આ જ જવાબ મળશે. જો કે એનો અર્થ એવો નથી કે આઈફોનમા ખરાબી નથી આવતી પણ હકીકત છે કે એ ખરાબી બીજા એની સમકક્ષ ગણાતા ફોનના પ્રમાણમાં ખુબ જ ઓછી આવે છે. અને આમ પણ આઈફોન માટે કહેવાય છે કે 'વન્સ એન આઈફોન યુઝર, ઓલવેય્ઝ એન આઈફોન યુઝર '...અને આ વાતમાં કેટલો દમ છે એ જાણવા આઈફોન વાપરવો પડે બોસ...!

આના જવાબમાં કોઈ સણસણતો સવાલ એમ પણ આવે કે ભઈલા બીજા ફોનની સરખામણીમાં ૨૦-૨૫ હજાર વધુ ઉસેડી લે છે તો ડ્યુરેબલ જ હોય ને...? પોઈન્ટમા દમ છે પણ કિમતની બાબતમાં ભલે આઈફોન ચીરીને પૈસા વસુલ કરતું હોય પણ જ્યારે એનો વપરાશ થાય ત્યારે એ વસુલ તો થઈ જ જાય છે. જો કે ભારતમાં ૮૦ હજારથી એક લાખમાં મળનારો આઈફોન-એક્સ ની સામે સેમસંગ ગેલેક્ષી નોટ ૮ પણ લગભગ ૬૫ હજારથી મળવાનો છે એટલે આમ જોવા જાવ તો મોબાઈલ માર્કેટમાં હવે હાઈ પ્રાઈસ ટેગનો જમાનો આવવાનો એ નક્કી છે અને આટલી ઉંચી કિંમત હોવા છતાં પણ સેમસંગ ગેલેક્ષી નોટનું જબરદસ્ત પ્રી-ઓર્ડર બુકિંગ થયું છે એટલે એપલને પણ હાશકારો થયો હશે કે આટલી ઉંચી કિંમત કદાચ એને નહિ નડે. જો કે આ વખતે આઈફોન-એક્સ નો વેઈટીંગ

અનુસંધાન પાના નં. ૫ પર